||ॐ શ્રી સાઈરામ ||

## || ॐ શ્રી સાઈ સર્વશક્તિમૂર્તયે નમ: || (૧૧)

## સર્વશક્તિ સ્વરૂપ એવા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ભગવાન શ્રી સત્ય સાઈબાબા એ સર્વ દેવતાઓનું સ્વરૂપ છે. સર્વ શક્તિ તેમનામાં સમાયેલી છે. જેવી રીતે 'આકાશાત પતિતંતોયં, યથા ગચ્છતિ સાગરમ્ | સર્વ દેવ નમસ્કાર: કેશવમ્ પ્રતિ ગચ્છતિ ||' એટલે કોઈપણ દેવતાની ભક્તિ કરતા તે ભગવાન સુધી પહોંચે છે તેવી જ રીતે વિશ્વના લાખો લોકો પોતપોતાના દેવતાનું પૂજન કરે છે. તે 'સર્વશક્તિ' જેમાં સમાયેલી છે, તે સ્વામી સુધી પહોંચે છે.

સ્વામી કહે છે, "મને જોયા પછી તમે જે નામ અને રૂપ પહેલાથી ભજતા આવ્યા છો તેમાં બદલાવ કરવાની આવશ્યકતા નથી કારણ કે સર્વ નામ અને રૂપ મારા જ છે. ભક્તિ મારા સુધી પહોંચે છે."

મુંબઈ નજીક ગણેશપુરી (વજેશ્વરી) માં નિત્યાનંદ સ્વામીનો આશ્રમ અને સમાધિ છે. સ્વામી શ્રદ્ધાનંદ નામે તેમના એક શિષ્ય હતા. એક વખત મેંગલોરમાં ભગવાન શ્રી સત્યસાઈ બાબાના એક ભક્તને ઘરે ભજન માટે તેઓ ઉપસ્થિત હતા. ભજન પછી આરતી થઈ અને સ્વામી શ્રદ્ધાનંદ સમાધિ અવસ્થામાં પહોંચ્યા, ત્યાંથી પૂર્વાવસ્થામાં આવ્યા, પછી તે બોલ્યા, "મારા ગુરુ નિત્યાનંદ મને કહે છે કે અહીંયાં ડૉ. ગઢિયા સાથે ભગવાન શ્રી સત્યસાઈબાબાના દર્શન માટે જા."

આ પ્રમાણે બીજે દિવસે ડૉ. ગઢિયા અને સ્વામી શ્રદ્ધાનંદ પુટ્ટપર્તિ ગયા. સ્વામીએ તેમને તરત જ મુલાકાત માટે બોલાવ્યા, અન્ય ભક્તો સાથે તે સ્વામીની સામે બેઠા હતા ત્યારે એક અઘટિત ઘટના ઘટી, કે જ્યારે સ્વામીએ વિભૂતિ ઉદ્ભવ કરવા માટે પોતાનો હાથ ચક્રાકાર ફેરવવા માંડ્યો ત્યારે અચાનક સ્વામી શ્રદ્ધાનંદે તેમનો હાથ પકડી લીધો. આ જોતા જ મુલાકાત કક્ષમાંના બધા લોકો અવાક થઈ ગયા. ડૉ. ગઢિયાના મનમાં પણ અપરાધની ભાવના નિર્માણ થઈ કારણ કે તે શ્રદ્ધાનંદને લઈને ભગવાન બાબાના દર્શન માટે આવ્યા હતા.

પરંતુ, શાંતમૂર્તિ સ્વામી માત્ર શાંત જ હતા. તેમણે મંદસ્મિત કરીને પ્રેમથી સ્વામી શ્રદ્ધાનંદને પૂછ્યું, 'તમે મારો હાથ કેમ પકડ્યો?" ત્યારે સ્વામી શ્રદ્ધાનંદ બોલ્યા, "હું અહીંયા પિપરમીટ અને ચોકલેટ લેવા માટે આવ્યો નથી મારી તમારી પાસે ખૂબ મોટી અપેક્ષા છે' તેના પર સ્વામી

બોલ્યા, "હું અન્યને પિપરમીટ આપું તો તમને વાંધો નથી ને?' અને ભગવાન શ્રી સત્ય સાઈબાબાએ સ્વામી શ્રદ્ધાનંદને છોડીને અન્ય બધાને વિભૂતિ પ્રદાન કરી.

ત્યાર પછી સ્વામીએ પ્રત્યેક ભક્તને વ્યક્તિગત માર્ગદર્શન કર્યું. સૌથી છેલ્લે સ્વામી શ્રદ્ધાનંદને મુલાકાતના અંદરના કક્ષમાં બોલાવ્યા. ત્યાં ભગવાન બાબાએ પોતાની કફનીના બન્ને બટન ખોલ્યા અને સ્વામી શ્રદ્ધાનંદને તેમની છાતી તરફ જોવાનું કહ્યું. જ્યારે તેમણે કહ્યા પ્રમાણે કર્યું ત્યારે સ્વામી શ્રદ્ધાનંદની બંને આંખોમાંથી આનંદાશ્રુ વહેવા લાગ્યા તે બોલ્યા, "ઓહ! ગુરુદેવ તમે અહીં શ્રી સત્ય સાઈબાબાના રૂપમાં છો!' કારણ કે તેમને ભગવાન બાબાની છાતી તરફ જોતા પોતાના ગુરુના એટલે સ્વામી નિત્યાનંદના દર્શન થયા હતા.

આવો જ અનુભવ વિશ્વના ઘણા લોકોને થયો છે જ્યારે તેમને સ્વામીમાં પોતાના ઈષ્ટદેવતાના દર્શન થયાં છે.

|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||